# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-01-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## CM -ટેક્ષટાઈલ નીતિ સુધારણા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ટેક્સટાઈલ નીતિ-2024'ની જોગવાઈઓમાં મહિલા સશક્તિકરણના અભિગમને વધુ વ્યાપક બનાવવા મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશાનિર્દેશો આપ્યા છે. હવે નેશનલ રૂરલ અને અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વસહાય જુથ જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સ્વસહાય જુથને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે.

આ ઉપરાંત, રાજ્યમાં મહાનગર પાલિકાની હદમાં આવતા હોય તેવા કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ એકમોને પણ આ પોલિસીનો લાભ અપાશે.

મુખ્મંત્રીશ્રીના આ નિર્ણયથી રાજ્યની મહિલાઓ વધુ આર્થિક સશક્ત અને સ્વનિર્ભર બની શકશે તેમજ રાજ્યના શહેરી વિસ્તારોમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે.આ ઉપરાંત કુશળ/અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે.

---

## નખત્રાણા તાલુકામાં વિકાસ કાર્યો ખાતમુર્હત:

નખત્રાણા તાલુકાના સાત ગામોમાં સિંચાઈની સુવિધા સુદ્રઢ કરવાના હેતુથી રાજ્ય સરકારના સિંચાઈ વિભાગ દ્વારા મંજૂર કરાયેલા રૂા. 4.87 કરોડના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ વિકાસકામો અંતર્ગત મોરજર ગામે રૂા. 59.40 લાખના ખર્ચે આધોછની નાની સિંચાઈ ડેમ, કોટડા રોહા ખાતે રૂા. 158.2 લાખના ખર્ચે ચેકડેમ અને પાઈપલાઈન તેમજ અન્ય બે ચેકડેમોના રૂા. 173.20 લાખના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ ઉપરાંત લાખિયારવીરામાં જાગરાઈ તળાવનું ડીપનિંગ, ખારડિયામાં કુંભાસર તળાવ, રવાસર-હીરાપર ગામે ખારકાઈ ચેકડેમ અને દેશલપર ગુંતલીમાં મથલ ડેમની કેનાલના કામોનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મહંત દિલીપરાજા કાપડી, લાલજી રામાણી અને જયસુખ પટેલે જળસંચયના આ પ્રયાસોને બિરદાવ્યા હતા.

---

## આઈશ્રી સોનલ માના 102માં પ્રાગટ્ય પર્વ સોનલ બીજની ઉજવણી:

ચારણ સમાજના આરાધ્ય દેવી આઈ શ્રી સોનલમાના 102માં પ્રાગટ્ય પર્વ ‘સોનલ બીજ’ની ભુજમાં પ્રથમ વખત ભવ્ય ઉજવણી કરાઈ હતી. અખિલ કચ્છ ચારણ સભા અને ભુજ-મીરજાપર-માધાપર ચારણ સમાજના ઉપક્રમે માધાપરથી સોનલધામ સુધી વિશાળ બાઈક રેલી અને શોભાયાત્રા યોજાઈ હતી. અખિલ કચ્છ ચારણ સભાના પ્રમુખ દેવરાજભાઈ ગઢવી અને પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી સહિતના અગ્રણીઓએ પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે દિવ્ય દેવીયજ્ઞ, રાસ-ગરબા, મહાઆરતી અને સામાજિક સભાનું આયોજન થયું હતું. વક્તાઓએ સમાજમાં શિક્ષણ અને સંસ્કારોના સિંચન પર ભાર મૂક્યો હતો. સમગ્ર પ્રસંગમાં મુખ્ય દાતા કરણદાન ગઢવી સહિત અનેક જ્ઞાતિજનોએ સહયોગ આપ્યો હતો.

---

## કૌશલ્ય વિકાસ પ્રોજેક્ટ-બહેનો માટે પ્રવાસ:

સેવા ઇન્ટરનેશનલ ભારત દ્વારા ઓરેકલના સહયોગથી કૌશલ્ય વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત બન્ની વિસ્તારની કારીગર બહેનો માટે 'ખમીર' અને 'એલએલડીસી-ક્રાફ્ટ મ્યુઝિયમ' ખાતે પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસમાં બન્નીના આંતરિયાળ એવા લુણા, ભીટારા, હાજીપીર, ડુમાડો, ભીરંડિયારા અને મિસરિયાડો ગામોની વાઢા સમુદાયની બહેનો ઉત્સાહભેર જોડાઈ હતી.

આ મુલાકાત દરમિયાન બહેનોને કચ્છની પરંપરાગત હસ્તકલા, માર્કેટ લિંકેજ અને બજાર વ્યવસ્થા અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા અગાઉ આ બહેનોને આજીવિકા વૃદ્ધિ માટે સીવણની તાલીમ આપવામાં આવી હતી, જેના ભાગરૂપે હવે તેમને હસ્તકળાના ઐતિહાસિક વારસા અને વેચાણ કેન્દ્રોથી માહિતગાર કરાયા હતા.

-----------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની મ્યુનિસિપલ કમિશનર સાથે મુલાકાત:

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળે મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરુવાણી સાથે બેઠક યોજી શહેરના આગામી 15 વર્ષના આયોજન અંગે ચર્ચાઓ કરી હતી. પ્રમુખ તેજાભાઈ કાનગડે મેગા સિટીના અભિગમ સાથે સ્ટેટ ઓફ આર્ટ લાઈબ્રેરી, મુખ્ય માર્ગોનું નવીનીકરણ અને રોડ કનેક્ટિવિટી વધારવા રજૂઆત કરી હતી. મંત્રી મહેશ તીર્થાણીએ રખડતા ઢોર માટે નંદીશાળા, વોકર્સ ઝોન અને ઓવરબ્રિજની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કમિશનરે તમામ ટેકનિકલ મુદ્દાઓ પર સકારાત્મક પ્રતિસાદ આપી તબક્કાવાર વિકાસની ખાતરી આપી હતી.

-----------------------------------------------------------------------------------------------

## હવામાન:

ઉત્તરાયણ પર્વ પછી કચ્છના લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં જિલ્લાવાસીઓને ઠંડીમાંથી રાહત મળી છે. રાજ્યના ઠંડા મથક તરીકે જાણીતા નલિયામાં આજે લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી નોંધાયું છે.  જિલ્લાના મુખ્ય મથક ભુજમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અને  કંડલા પોર્ટમાં 17 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૪ દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં હજુ ૨ થી 3 ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.  નલિયાને બાદ કરતા

કચ્છના મોટાભાગના મથકોએ મહત્તમ તાપમાન 30 ડિગ્રી આસપાસ રહેતા લોકોને બપોરે હુંફાળુ વાતાવરણની અનુભૂતી થઇ હતી.

---